પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૨૭૫ | ૧૬ ડીસેમ્બર, ૨૦૨૦, બુધવાર; માગશર - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

ખેડૂતોને ભ્રમિત કરવાનું ષડયંત્ર ચાલે છે: મોદી

વડાપ્રધાને કચ્છમાં ત્રણ મહત્ત્વના પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કર્યું : કચ્છમાં અલ્ટ્રા મેગા હાઇબ્રીડ પાર્ક-દરિયાના ખારા પાણીને મીઠુ બનાવવા અને કચ્છ ડેરીના પ્લાન્ટનું વડાપ્રધાનના હસ્તે ભૂમિ પૂજન-શિલાન્યાસ, ધોરડોમાં ૧૦ કરોડ લીટરની ક્ષમતા ધરાવતા વોટર ડિસિલિનેશન પ્લાન્ટનું કર્યું લોકાર્પણ : સરકારના હૈયે ખેડૂતોનું હિત : ખેડૂતોની શંકાના સમાધાન માટે સરકાર ૨૪ કલાક તૈયાર : સભાસ્થળે વડાપ્રધાનએ ખેડૂત આંદોલન વચ્ચે લખપતના શીખ ખેડૂતો સાથે સંવાદ કર્યો

ભુજ, તા. ૧૫

દિલ્હીમાં કૃષિ કાયદાના નામે ખેડૂતોને ભ્રમિત કરવામાં આવી રહ્યા છે. ત્યાં ખેડૂતોને ડરાવવામાં પણ આવી રહ્યા છે. વિપક્ષમાં બેસીને આજે ખેડૂતોને ભ્રમિત કરાઇ રહ્યા છે. સરકાર ખેડૂતોની મુશ્કેલીઓ દૂર કરી તેમના વિકાસ માટે કામ કરી રહી છે. ખેડૂતોનું હિત કેન્દ્ર સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા છે. ખેડૂતોની આવક વધે તે માટે સરકાર કામ કરી રહી છે. ખેડૂતોના તમામ પ્રશ્નોના નિકાલ માટે સરકાર ૨૪ કલાક માટે તૈયાર છે. છતા ખેડૂતોને ગેરમાર્ગે દોરવામાં આવી રહ્યા હોવાનું વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે કચ્છમાં વિવિધ વિકાસ પ્રકલ્પોને ભૂમીપૂજન અનેશિલાન્યાસ કાર્યક્રમ બાદ તેમના પ્રવચનમાં કહ્યું હતું. તેમણે કહ્યું કે તેમણે કહ્યું કે, ખેડૂતોનું હિત એ અમારી પ્રાથમિકતા છે. અમે ખેડૂતોની મુશ્કેલીઓ દૂર કરવાની દિશામાં કામ કરી રહ્યા છીએ. તેમણે કહ્યું કે, અમારી સરકારના પ્રામાણિક પ્રયાસો અને ખેડૂતોના આશીર્વાદ ખેડૂતોને ગેરમાર્ગે દોરનારાઓને હરાવશે. નરેન્દ્ર મોદી આજે ફરી એકવખત માદરે વતન ગુજરાતના કચ્છ આવ્યા હતા. અહીં તેમણે ઘણી જૂની વાતો કરી હતી. સાથે જ હાલમાં ચાલી રહેલા ખેડૂત આંદોલન પર પણ બોલ્યા. પીએમ મોદી કચ્છના રણમાં ધોરડો નજીક વિશ્વના સૌથી મોટા રિન્યુએબલ એનર્જી પાર્કનું ભૂમિપૂજન કરવા ઉપરાંત માંડવીમાં ડિસેલિનેશન પ્લાન્ટ અને સરહદ ડેરીના પ્લાન્ટનો શિલાન્યાસ કર્યો.

પીએમ મોદીએ પોતાના ભાષણની શરૂઆત કચ્છીમાં કરી હતી. તેમણે કહ્યું કે, કચ્છ આખા દેશની ઓળખ છે. કચ્છમાં આવીને કચ્છમાં આવીને શરીરમાં એક નવી ઊર્જાનો સંચાર થાય છે. આજે સરદાર પટેલની પુણ્યતિથિ છે અને આ અવસરે કચ્છમાં દુનિયાનો સૌથી મોટા રિન્યૂઅબલ એનર્જી પાર્કનું ભૂમિપુજન કર્યું તેને જાતા લાગે છે કે, સરદાર સાહેબનું સપનું ખુબ જ ઝડપી સાકાર થશે.

કચ્છમાં આવેલા વિનાશક ભૂકંપને યાદ કરતા તેમણે કહ્યું કે, કચ્છમાં ભયાનક ભૂકંપ આવ્યો લોકોના ઘરો તૂટી ગયા પરંતુ કચ્છી લોકોના મનોબળને ભૂકંપ તોડી શક્યો નહી. ભૂકંપે કચ્છને સંપૂર્ણ રીતે તબાહ કરી નાંખ્યુ હતું. તેમ છતાં હવે કચ્છની પ્રવાસન ક્ષેત્રે આખી દુનિયામાં આગવી ઓળખ ઉભી થઇ ગઇ છે. વિદેશી પ્રવાસીઓ કચ્છનું સફેદ રણ જોવા આવે છે. કચ્છનું રણ અને રણોત્સવ જોવા માટે લાખો પ્રવાસીઓ આવે છે. સાથે જ કચ્છના લોકોએ આખા દેશના લોકોને આત્મનિર્ભર રહેવાનું શીખવ્યું છે. તેમણે કહ્યું કે, એક સમયે કચ્છ એકલો-અટૂલો પ્રદેશ હતો અને હવે તે પ્રવાસીઓના આકર્ષણનું કેન્દ્ર બની ગયું છે. કચ્છનો વિકાસ સ્કોલરો માટે અભ્યાસનો વિષય છે.

આ પ્રસંગે તેમણે ૧૧૮ વર્ષ જૂનો એક કિસ્સો યાદ કર્યો હતો. તેમણે કહ્યું કે, તે સમયે કચ્છમાં એક્ઝિબિશનમાં સૂર્ય તાપયંત્ર મૂકવામાં આવ્યું હતું. પરંતુ અત્યારે હાઇબ્રિડ એનર્જી પ્રોજેક્ટનું ભૂમિ પૂજન કરવામાં આવ્યું છે. તેમણે જણાવ્યું કે, આ એનર્જી પાર્કથી ૧ લાખ લોકોને રોજગારી મળશે અને ૧.૫ લાખ કરોડ રૂપિયાનું રોકાણ થશે. તેમણએ જણાવ્યું કે, હાઇબ્રીડ પ્રોજેક્ટથી સરહદની સુરક્ષામાં વધારો થશે કેમકે ૧ એનર્જી પાર્ક ૯ કરોડ વૃક્ષો ઉગાડવા બરાબર છે.



સંસદનું શિયાળુ સત્ર રદ્દ, જાન્યુઆરીમાં બજેટ સત્ર

બજેટ સત્ર સામાન્ય કરતા પહેલા શરુ થઈ જાય તેવી સંભાવના : સંસદીય કાર્યમંત્રી પ્રહલાદ જોશીએ કોંગ્રેસ નેતા અને સાંસદ અધીર રંજન ચૌધરીને પત્ર લખીને સરકારના નિર્ણય અંગે માહિતી આપી

ન્યુ દિલ્હી,તા.૧૫

કોરોના વાયરસનો કહેર આખી દુનિયા પર જોવા મળી રહ્યો છે. દેશમાં કોરોના વાયરસના દર્દીઓની સંખ્યા ૧ કરોડના આંકડા તરફ આગળ વધી રહી છે. આ બધાની વચ્ચે સરકારે જાહેરાત કરી દીધી છે કે કોવિડ-૧૯ના લીધે આ વર્ષે સંસદના શિયાળુ સત્રનું આયોજન કરાશે નહીં. સંસદીય કાર્યમંત્રી પ્રહલાદ જોશીએ રોજ આ અંગેની માહિતી આપી અને કહ્યું કે કેટલાંય પક્ષોના નેતાઓ સાથે ચર્ચા કર્યા બાદ સામાન્ય મંતવ્ય બન્યું હતું કે સત્ર બોલાવું જોઇએ નહીં.

તો બીજીબાજુ તાજેતરમાં જ કોંગ્રેસની તરફથી ખેડૂતોના મુદ્દા પર ચર્ચા કરવા માટે સત્રની માંગણી કરી હતી. આ સિવાય વિપક્ષના કેટલાંય અન્ય પક્ષ પણ ખેડૂતોના મુદ્દાને લઇ સત્રની માંગણી કરી રહ્યા હતા. સંસદીય કાર્યમંત્રી પ્રહલાદ જોશી એ કહ્યું કે કોરોના વાયરસના સંક્રમણથી બચવા માટે શિયાળું સત્રના પક્ષમાં કોઇ નહોતું. ત્યારબાદ હવે સીધું જાન્યુઆરીમાં બજેટ સત્ર બોલાવામાં આવશે. આપને જણાવી દઇએ કે ગયા વર્ષે ૩૧મી જાન્યુઆરીથી બજેટ સત્ર શરૂ થયું હતું જ્યારે ૨૦૧૮માં બજેટ સત્રની શરૂઆત ૨૮ જાન્યુઆરીથી થઇ હતી. વાત એમ છે કે જોશીએ કોંગ્રેસ નેતા અધીર રંજન ચૌધરીની એક ચિઠ્ઠીનો જવાબ આપ્યો છે. જેમાં અધીર

● અનુસંધાન પાન-૭ પર

સબસિડીવાળા રાંધણગેસમાં ફરી રૂ.૫૦નો ભાવ વધારો ઝીંકાયો

૧૫ દિવસમાં કુલ ૧૦૦ રૂ.નો વધારો થયો : દિલ્હીમાં સબ્સિડી વગરના ૧૪.૨ કિલોગ્રામના સિલિન્ડરનો ભાવ હવે ૬૪૪ રૂપિયા થયો

ન્યુ દિલ્હી,તા.૧૫

ગેસ સિલિન્ડરના ભાવમાં વધારો થતા ગૃહિણીઓનું બજેટ ખોરવાયુ છે. એક બાજુ કોરોનાનો કહેર છે તો બીજી બાજુ જ્યાં જુઓ ત્યાં મોંઘવારીએ માજા મુકી છે. પહેલા રોજબરોજની વપરાશમાં આવતા ડુંગળી બટેટા મોંઘા થયા ત્યારબાદ ખાદ્યતેલ મોંઘુ થયુ અને હવે ફરી એકવાર ગેસના ભાવ વધ્યા છે. ૧૫ દિવસમાં ગેસ સિલિન્ડરની કિંમતમાં ૧૦૦ રૂપિયા વધારો થયો છે.

ઓઇલ કંપનીઓએ એલપીજીના ભાવમાં વધારો કર્યો છે. ૧૪.૨ કિલો સિલિન્ડરના ભાવમાં ૫૦ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. આ જ રીતે ૫ કિલોના શોર્ટ સિલિન્ડરના ભાવમાં ૧૮ રૂપિયા વધારો કરવામાં આવ્યો છે. ૧૯ કિલોનું સિલિન્ડર ૩૬.૫૦ રૂપિયા વધાર્યું છે.

દેશની સૌથી મોટી ઓઇલ કંપની આઈઓસીના જણાવ્યા અનુસાર, દિલ્હીમાં સબસિડી વિના ૧૪.૨ કિલો ગેસ સિલિન્ડરની કિંમત હવે ૬૪૪ રૂપિયા પર આવી ગઈ છે. તે કોલકાતામાં ૬૭૦.૫૦ રૂપિયા, મુંબઈમાં ૬૪૪ રૂપિયા અને ચેન્નઈમાં ૬૬૦ રૂપિયા થઈ ગઈ છે.

અગાઉ દિલ્હીમાં સબસિડી વિના ૧૪.૨ કિલો ગેસ સિલિન્ડરની કિંમત ૫૯૪ રૂપિયા હતી. તે કોલકાતામાં ૬૨૦.૫૦ રૂપિયા, મુંબઈમાં ૫૯૪ રૂપિયા અને ચેન્નઈમાં ૬૧૦ રૂપિયા હતા. આ જ રીતે ૧૯ કિલો સિલિન્ડરનો ભાવ દિલ્હીમાં ૧૨૯૬ રૂપિયા, કોલકાતામાં ૧૩૫૧.૫૦ રૂપિયા, મુંબઈમાં રૂ .૧૨૪૪ અને ચેન્નઈમાં ૧૪૧૦.૫૦ રૂપિયા થયો છે.

કર્ણાટક વિધાનસભામાં મારામારી

ભાજપ-જેડીએસે અધ્યક્ષને ગેરકાયદે બેસાડ્યાનો આરોપ : કોંગ્રેસના ધારાસભ્યો એ જબરદસ્તી વિધાનસભા અધ્યક્ષ વિશ્વેશ્વર કગેરીને તેમની ખુરશી પરથી ખેંચી હટાવી દીધા

બેંગ્લોર, તા. ૧૫

કર્ણાટક વિધાનસભામાં મંગળવારે સવારે છૂટાહાથની મારામારીના શરજમનક દ્રશ્યો જોવા મળ્યા. કોંગ્રેસના ધારાસભ્યો એ જબરદસ્તી વિધાનસભા અધ્યક્ષ વિશ્વેશ્વર હેગડે કગેરીને તેમની ખુરશી પરથી ખેંચીને હટાવી દીધા. આ ધારાસભ્ય આરોપ લગાવી રહ્યા હતા કે ભાજપ અને જેડીએસ એ મળીને ગેરકાયદે રીતે અધ્યક્ષને ખુરશી પર બેસાડ્યા છે.

હોબાળા બાદ કોંગ્રેસ એમએલસી પ્રકાશ રાઠોડ એ કહ્યું કે જ્યારે સદન ચાલી રહ્યું નથી તો અત્યારે ભાજપ અને જેડીએસ એ અવૈધાનિક રીતે અધ્યક્ષને ખુરશી પર બેસાડ્યા. દુર્ભાગ્ય પણે ભાજપ આવા અસંવૈધાનિક કામ કરી રહ્યું છે. કોંગ્રેસે અધ્યક્ષને હટવાનું કહ્યું. તેઓ ગેરકાયદે રીતે ખુરશી પર બેઠા હતા આથી અમારે તેમને ત્યાંથી હટાવા પડ્યા. કર્ણાટક ભાજપના ધારાસભ્ય લહર સિંહ સિરોઇયા એ તેને ગુંડા જેવું વર્તન ગણાવ્યું. તેમણે કહ્યું કે કેટલાંક ધારાસભ્ય ગુંડાની જેમ વર્તન કરી રહ્યા હતા. તેમણે વિધાનસભા પરિષદના ઉપાધ્યક્ષને જબરદસ્તી ખુરશી પરથી હટાવી દીધા અને તેમની સાથે દુર્વ્યવહાર કર્યો. અમે પરિષદના ઇતિહાસમાં આવો શરમજનક દિવસ ક્યારેય જોયો નથી. મને શરમ આવી રહી છે કે પ્રજા આપણા અંગે શું વિચારી રહી હશે.

સ્વાઝિલેન્ડના વડાપ્રધાનનું કોરોનાથી નિધન થયું

કોવિડનો ભોગ બનનારા પ્રથમ વૈશ્વિક નેતા વડાપ્રધાન બે સપ્તાહ અગાઉ કોરોનાગ્રસ્ત થયા હતા, સાઉથ આફ્રિકાની હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા

સ્વાઝિલેન્ડ, તા.૧૫

કોરોના વાયરસથી અત્યાર સુધીમાં લાખો લોકોના મૃત્યુ થયા છે પરંતુ સ્વાઝિલેન્ડના વડાપ્રધાન આ જીવલેણ વાયરસનો ભોગ બનનારા પ્રથમ વૈશ્વિક નેતા બન્યા છે. સ્વાઝિલેન્ડના વડાપ્રધાન એમ્બ્રોસ ડ્લામિનિને બે સપ્તાહ અગાઉ કોરોના થયો હતો અને સાઉથ આફ્રિકાની હોસ્પિટલમાં તેમની સારવાર ચાલી રહી હતી. ૫૨ વર્ષીય એમ્બ્રોસને નવેમ્બરમાં કોરોનાનો ચેપ લાગ્યો હતો પરંતુ તેમણે કહ્યું હતું કે તેમના લક્ષણો ઘણા હળવા છે અને તેમની તબીયત પણ સારી છે. જોકે, બાદમાં તેમની તબીયત લથડી હતી અને ડિસેમ્બરની શરૂઆતમાં તેમને પાડોશી દેશ સાઉથ આફ્રિકાની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા જ્યાં તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. નાયબ વડાપ્રધાન થેમ્બા માસુકુએ વડાપ્રધાનના નિધનના સમાચાર જાહેર કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, મને તે જાહેરાત કરતા ઘણું દુ:ખ થઈ રહ્યું છે કે આપણા દેશના વડાપ્રધાન એમ્બ્રોસ મેન્ડવુલો ડ્લામિનિનું નિધન થયું છે.

છેલ્લે... છેલ્લે...

- અમેરિકા ઈલેક્ટ્રોલ કોલેજે જો બાઈડન ચૂંટણી જીત્યા હોવાની સત્તાવાર જાહેરાત
- દેશની ૧૦૦ સ્માર્ટ સીટીની લાઈવ રેન્કીંગમાં અમદાવાદ પ્રથમ અને ઈન્દોર બીજા ક્રમે.
- છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં માત્ર ૨૨,૦૬૫ કોરોના કેસ નોંધાયા.
- ઉત્તરાખંડમાં ૯૩ હજાર આરોગ્યકર્મીઓને કોરોના વેક્સીન વિનામૂલ્યે અપાશે.

પ્રજાસત્તાક દિનના સમારોહમાં યુકેના વડાપ્રધાન મુખ્ય અતિથિ

ભારતે મોકલેલા આમંત્રણનો સ્વિકાર કર્યાની બ્રિટિનના વિદેશ સચિવની જાહેરાત, જ્હોનસને ખુશી વ્યક્ત કરી

નવી દિલ્હી, તા. ૧૫

ભારતે પોતાના આગામી પ્રજાસત્તાક દિવસ માટે બ્રિટિશ વડાપ્રધાન બોરિસ જ્હોન્સનને સમારંભના મુખ્ય અતિથિ તરીકે આમંત્રણ મોકલ્યું હતુ, જેનો જ્હોન્સને સ્વીકાર કર્યો છે. બોરિસ જ્હોન્સન ૨૬ જાન્યુઆરીના ભારતના ગણતંત્ર દિવસના સમારંભમાં ભાગ લેશે. બ્રિટિશ વિદેશ સચિવ તરફથી મંગળવારના આની જાહેરાત કરવામાં આવી. ન્યૂઝ એજન્સી પ્રમાણે જ્હોન્સનની ઑફિસ તરફથી તેમનું નિવેદન જાહેર કરવામાં આવ્યું, જેમાં તેમણે ભારત આવવાને લઈને ઉત્સાહ વ્યક્ત કર્યો. સત્તાવાર નિવેદનમાં તેમણે કહ્યું કે, હું આવતા વર્ષે

● અનુસંધાન પાન-૭ પર

દુ:ખદ અવસાન

સ્વ.હર્ષદરાય નાનાલાલ જોષી

સખેદ જણાવવાનુ કે અમારા પિતાજી હર્ષદરાય નાનાલાલ જોષી સ્વ.તા. ૧૩/૧૨/૨૦૨૦, રવિવાર ના રોજ દેવલોક પામ્યા છે. પ્રભુને ગમ્યુ તે ખરૂ. પ્રભુ સદગત ના આત્મા ને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

હાલની પરીસ્થિતિને ધ્યાનમાં રાખી બેસણું રાખવામા આવેલ નથી. ટેલીફોનિક બેસણુ ગુરૂવાર તા. ૧૭/૧૨/૨૦૨૦ના રોજ સાંજે ૪.૦૦ થી ૬.૦૦ વાગ્યા સુધી રાખેલ છે. સૌ સ્નેહીજનો / મિત્રો સદ્ગતના આત્માને ઈશ્વરના ચરણમા શાંતિ મળે તે માટે ઘરેથી પ્રાર્થના કરશો.

ગં. સ્વ. ત્રિગુણાબેન હર્ષદરાય જોષી
મો-૯૯૦૯૯૫૦૦૮૦

દિવ્યાંગ હર્ષદરાય જોષી	આરતીબેન દિવ્યાંગભાઈ જોષી
(મો) ૯૭૨૭૭૨૩૯૯૯	(મો) ૯૭૨૭૭૨૩૫૩૯
જસ્મિન હર્ષદરાય જોષી	શ્રેયાબેન જસ્મિનભાઈ જોષી
(મો) ૯૮૨૫૩૨૨૯૦૨	(મો) ૯૮૭૯૭૪૯૦૯૫

પ્રભુ અમારા દાદાજીના આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના.

શિખા ● જીયા ● શૌર્ય